# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદના સ્નાતક કક્ષાના (ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમોની માહિતી આપશો.**

**- પટેલ નિશિથકુમાર, નારણપુરા, અમદાવાદ**

ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહના અભ્યાસ બાદ સ્નાતક બનવા માટે ગુજરાતમાં અનેક પ્રકારના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. વ્યક્તિગત રીતે પોતનો રસ, વિષયની પસંદગી અને ભવિષ્યના સંદર્ભમાં ખૂબજ વિચાર કરી અભ્યાસક્રમ પસંદ કરવો અતિ જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં કોઇ વિષય કે અભ્યાસક્રમની મોનોપોલી નથી રહી. માત્ર ગુણવત્તા જ મોનોપોલી ઉભી કરી શકે તેમ છે. સ્નાતક થવા માટેના વિવિધ અભ્યાસક્રમો નીચે પ્રમાણે છે.

- **B.Sc (સ્ટેટિસ્ટિક્સ):**
  બાયોમેટ્રિશિયન, એન્વાયરમેન્ટલ સ્ટેટેસ્ટિશિયન, ફોરેન્સિક સ્ટેટેસ્ટિશિયન, ગવર્નમેન્ટ સ્ટેટેસ્ટિશિયન, હેલ્થ સર્વિસ સ્ટેટેસ્ટિશિયન, મેડિકલ સ્ટેટેસ્ટિશિયન, ફાર્માસ્યૂટિકલ સ્ટેટેસ્ટિશિયન, ટીચિંગ એન્ડ રિસર્ચ સ્ટેટેસ્ટિશિયન વગેરે.
- **B.Sc (જિયોલોજી):**
  એગ્રિકલ્ચર એન્જિનિયર, કાર્ટોગ્રાફર, કોમ્પ્યુટર એનાલિસ્ટ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઈકોનોમિક જિયોલોજીસ્ટ, એન્વાયરમેન્ટલ ફિલ્ડ્સ, જિયોકેમિસ્ટ, જિયોડાયનામેસિસ્ટ, જિયોમોર્ફોલોજીસ્ટ, જિયોફિઝિકલ એક્સ્પ્લોરેશન, જિયોટેકનિકલ એન્જિનિયર, હાઈડ્રોલોજીસ્ટ, મરીન એડવાઈઝર, પોલ્યુશન કન્ટ્રોલ સ્પેશયાલિસ્ટ, સોઈલ સાયન્ટિસ્ટ, ટીચિંગ એન્ડ રિસર્ચ વગેરે.
- **B.Sc/B.A. (ગણિત)**
  એક્ચ્યુરિયલ ગણિત (વિમા) બેંકિંગ, ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ, સિવિલ એવિએશન (ભૌતિક અને ગણિત), કોમ્પ્યુટર સાયન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, પ્રોગ્રામિંગ સોફ્ટવેર એન્જિનિયર, ડિફેન્સ સર્વિસિસ, એરફોર્સ અને નેવી (ભૌતિક અને ગણિત), ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ સર્વિસિસ, મેનેજમેન્ટ, માર્કેટ રિસર્ચ, ઓપરેશનલ રિસર્ચ (ફાઈંડિંગ મેથેમેટિકલ સોલ્યુશન ટૂ બિઝનેસ પ્રોબ્લેમ), ટીચિંગ એન્ડ રિસર્ચ સાયન્સ્ટિસ્ટ વગેરે.
- **B.Sc ( એન્થ્રોપોલોજી - માનવશાસ્ત્ર)**
  બાયોલોજીકલ એન્ડ મેડિકલ એન્થ્રોપોલોજી, એથનો ગ્રાફિક રિસર્ચ ફોર ઈન્ડિયન ટ્રાઈબલ્સ, ફોરેન્સિક વર્ક, સોશિયો કલ્ચર એન્થ્રોપોલોજી, ટીચિંગ એન્ડ રિસર્ચ વગેરે
- **B.Sc (ભૌતિક)**
  એપ્લાઈડ ફિઝિક્સ, એસ્ટોનોમી,એસ્ટ્રો ફિઝિક્સ,ડિફેન્ડ સર્વિસિસ - એરફોર્સ એન્ડ નેવી, કેમિકલ ફિઝિક્સ, સિવિલ એવિએશન (ભૌતિક અને ગણિત), અર્થ એન્ડ પ્લેનેટરી સાયન્સ, જિયો ફિઝિક્સ, ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસિસ, ટીચિંગ એન્ડ રિસર્ચ વગેરે.
- કેમેસ્ટ્રી, માઈક્રો બાયોલોજી, મેથ્સ, બાયો ટેકનોલોજી, ભૂસ્તરશાસ્ત્ર, બાયો કેમેસ્ટ્રી, આંકડાશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ઈલેક્ટ્રોનિક્સ વિષયમાં બી.એસસી.ના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.
- બેચલર ઓફ સાયન્સ ઓડિયો સ્પીચ થેરાપી,
- બી.એસ.સી નર્સિંગ (ચાર વર્ષનો કોર્સ)
- એપ્લાઈડ જિઓલોજી એમ.એસ.સી ઈન્ટીગ્રેટેડ (૫ વર્ષનો કોર્સ ),
- બી.એસસી (ઓનર્સ) ઈન મેથ્સ, ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયો સાયન્સ
- એપ્લાઈડ (બી.એસસી + એમ.એસ.સી) ડ્યુઅલ ડિગ્રી મેથ્સ, ફિઝિક્સ, કેમેસ્ટ્રી,
  સેલ એન્ડ મિલેક્યુલર બાયોલોજી
  બી.એસ.ડબલ્યુ
- **મેનેજમેન્ટમાં બેચલર ડિગ્રી (B.B.A.)**
  બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
  મેનેજમેન્ટનો આ બેચલર ડિગ્રી કોર્સ ભણાવતી કોલેજો સમગ્ર ગુજરાતમાં ચાલે છે. B.A. અને B.Com. ની જેમ B.B.A. માં પણ હવે સૌને માટે સરળતાથી એડમિશન મળી શકે તેવો અભ્યાસક્રમ છે.
- **બેચલર ઓફ કમ્પ્યૂટર (BCA)**
  બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશનના કોર્સમાં પ્રવેશ ધોરણ-૧૨ કોમર્સ અથવા સાયન્સના વિષયો સાથે ધોરણ-૧૨ પાસ કરનારને BCA માં એડમિશન મળે છે. કમ્પ્યૂટર એપ્લિકેશનના આ બેચલર ડિગ્રી કોર્સનું ભવિષ્ય હંમેશા ઉજ્જવળ રહેવાનું છે. કમ્પ્યૂટર વગર હવે કોઇ પણ ક્ષેત્રમાં ચાલવાનું નથી. આથી ધોરણ-૧૨ પછીના આ એવરગ્રીન કોર્સમાં એડમિશન લેતા અચકાવું નહીં.
- **બી.એસસી. આઇ. ટી. નો કોર્સ (B.Sc. (IT))**
  રાજયની મોટાભાગની યુનિવર્સિટીમાં તેની સંલગ્ન કોલેજોમાં બી.એસ.સી. ઇન્ફર્મેશન ટેકનોલોજીનો કોર્સ ચલાવે છે. કમ્પ્યૂટર હાર્ડવેર તથા સોફટવેર એ બંને પ્રકારની અદ્યતન ટેકનોલોજીનો આ કોર્સમાં સમાવેશ થાય છે.
- **પ્રવેશની કાર્યવાહીઃ-**
  ધોરણ-૧૨ના પરિણામના આધારે આ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ છે. ગુજરાત રાજયની વિવિધ યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન કોલેજોમાં આ અભ્યાસક્રમો ચાલે છે. આ અભ્યાસક્રમો માટેની પ્રવેશજાહેરાત રાજયની જુદી જુદી યુનિવર્સિટી દ્વારા પોત-પોતાની વેબસાઇટ તેમજ દૈનિક સમાચાર પત્રમાં જાહેરાત આવે છે. મોટે ભાગે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવામાં આવે છે. છતાં જાહેરાતની સૂચનાનું પાલન કરવાનું હોય છે અને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે.

---

**પ્રશ્ન : હું ફેશન ટેકનોલોજીમાં કારકિર્દી બનાવવા માગુ છું મને National Institute of Fashion Technology (NIFT) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજીના અભ્યાસક્રમો અંગેની માહિતી આપશો.**

**- પટેલ ધ્વનિ સુરેશભાઈ, કલોલ, જી. ગાંધીનગર**

ફેશન વિશ્વ સ્વાભાવિક રીતે જ ઘણી બધી કારકિર્દીની તકો ઊભી કરે છે. ભારતમાં ફેશન વિશ્વમાં કારકિર્દી માટે શિક્ષણ આપતી ટોચની સંસ્થામાં ગણતરી થાય છે. નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી એટલે કે NIFTની કે જે ભારત સરકારના ટેકસટાઇલ મંત્રાલયના સીધા અંકુશ હેઠળ કાર્ય કરે છે. આ NIFTને ડિઝાઇન, મેનેજમેન્ટ અને ટેકનોલોજીની કોલેજ તરીકે ઓળખવામાં આવે છે અને તેના દેશભરમાં ૭ કેન્દ્રો છે. આ કેન્દ્રોમાં આપણા ગુજરાતમાં ગાંધીનગર તથા અન્યત્ર દિલ્હી, મુંબઇ, કોલકાતા, ચેન્નાઇ, હૈદરાબાદ અને બેંગ્લોર. આ NIFTખાતે વિવિધ પ્રકારના અભ્યાસક્રમો છે. આ અભ્યાસ કર્યા બાદ તમારી પાસે અનુકુળતા હોય તો તમે તમારૂં પોતાનું મેન્યુફેકચરિંગ યુનિટ શરૂ કરી શકો અથવા નોકરીની પુષ્કળ તકો પણ ઉપલબ્ધ હોય છે. આમાંના કેટલાક અભ્યાસક્રમોમાં સ્નાતક થયા પછી અને કેટલાકમાં ધોરણ-૧૨ પછી પ્રવેશ મેળવી શકાય છે.

- **NIFTના અભ્યાસક્રમોઃ-**

**(૧) બેચલર પ્રોગ્રામ ઇન ડિઝાઇન (બી. ડિઝાઇન)**

BachelorofDesignProgrammes(B.Des.)

>લેધર ડિઝાઇન
>ફેશન કોમ્યુનિકેશન
>એસેસરી ડિઝાઇન
>ફેશન ડિઝાઇન
>નીટવેર ડિઝાઇન

- લાયકાતઃ- ધોરણ-૧૨ પાસ અથવા માન્ય પોલિટેકનિક ડિપ્લોમા (૩-૪ વર્ષ)

**(૨) UG પ્રોગ્રામ ઇન ટેકનોલોજી (B.F.Tech.)**

- ટેકનોલોજી

લાયકાતઃ- મેથ્સ, ફિઝિક્સ, કેમિસ્ટ્રી સાથે ધોરણ-૧૨ પાસ

**(3) PG પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટઃ- (M.Des. M.F.M. andM.F.Tech.)**

- મેનેજમેન્ટ

લાયકાતઃ- ગ્રેજયુએટ અથવા ડિપ્લોમા ઇન એસેસરીઝ / ફેશન ડિઝાઇન / FIT (NIFTમાંથી જ)

**(૪) PG પ્રોગ્રામ ઇન ટેકનોલોજીઃ-**

- ટેકનોલોજી

લાયકાતઃ- B.E./ B.Tech. (ટેકસટાઇલ્સ / એપેરલ / મિકેનીકલ / ઇન્ડ. એન્જિ./ પ્રોડકશન એન્જિ. / કમ્પ્યૂટર ઇન્ફર્મેશન ટેકનોલોજી

- **NIFTના અભ્યાસક્રમો માટે પ્રવેશ પરીક્ષાઃ-**
  NIFTના ઉપરોકત રેગ્યુલર અભ્યાસક્રમોમાં પ્રવેશ, પ્રવેશ પરીક્ષા GAT & CAT (Creative Ability) સર્જનાત્મક ક્ષમતા દ્વારા જ આપવામાં આવે છે.
  આ પ્રવેશ પરીક્ષા લેખિત અને મૌખિક ઇન્ટરવ્યુ એમ બે તબકકાઓમાં લેવામાં આવે છે. આ ક્ષમતાઓને આધારે પ્રવેશ આપવામાં આવે છે. NIFTમાં યોગ્ય ઉમેદવારોને શિષ્યવૃત્તિની સવલત મળે છે.
- **વયમર્યાદાઃ** - બેચલર પ્રોગ્રામ ઇન ડિઝાઇન (B.Des., B. F.Tech.)ના ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વધુમાં વધુ ૨૩ વર્ષ હોવા જોઇએ. અનામત કેટેગરીને નિયમ મુજબ છૂટછાટને પાત્ર છે.
- **NIFTના ગાંધીનગર કેન્દ્રનું સરનામું -**
  National Institute of Fashion Technology
  GH-0 Road, Behind Info City, Near DAICT,
  Gandhinagar-382007. Gujarat.
  Phone : (079) - 23265000, 23240832, 23240834
  Fax : (079) - 23240772
  Website : www.niftindia.com

**નોંધઃ- ઉપરોક્ત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**
**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯
**પત્ર વ્યવહારનું સરનામું :**
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧